# અત્ર, તત્ર, સર્વત્ર ગરમીનો કહેર

## નવસારીમાં આગઝરતી ગરમી, ભારે ભેજથી લોકો અકળાયા

**છેલ્લા** બે દિવસમાં ગરમી વધી, ૩૯.૫ ડિગ્રી તાપમાન

નવસારીઃ નવસારી શહેરમાં છેલ્લા બે દિવસથી ગરમીનો પ્રકોપ સતત વધી રહ્યો છે. આજે મહત્તમ તાપમાન ૩૯.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચતા લોકો કાળઝાળ ગરમીથી પરેશાન થઈ ગયા હતા. સવારથી જ આકરા તાપ અને ભારે બફારાના કારણે શહેરમાં ઉકળાટભર્યું વાતાવરણ સર્જાયું હતું.

હવામાન મુજબ લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી નોંધાયું હતું, પરંતુ સવારના સમયે હવામાં ૯૧ ટકા જેટલું ઊંચું ભેજનું પ્રમાણ રહેતાં લોકો પરસેવે તરબતર થઈ ગયા હતા. ગરમી અને ભેજના સંયુક્ત પ્રભાવને કારણે પંખા અને એર કન્ડીશનર પણ બેઅસર જણાઈ રહ્યા હતા. બપોરના સમયે રસ્તાઓ પર સામાન્ય દિવસોની સરખામણીએ ઓછી અવરજવર જોવા મળી હતી, કારણ કે લોકો કામ વગર બહાર નીકળવાનું ટાળી રહ્યા હતા.

દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી ફૂંકાતા ૨.૮ કિલોમીટર પ્રતિ કલાકની ધીમી ગતિના પવનો પણ ગરમીમાં ખાસ રાહત આપી શક્યા નહોતા. દિવસભર સૂર્યના આકરા તાપના કારણે સાંજ સુધી ગરમીની અસર યથાવત રહી હતી.

ગરમીના વધતા પ્રકોપ વચ્ચે ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને બહાર કામ કરતા લોકો માટે મુશ્કેલીઓ વધી રહી છે. લોકો ગરમીથી બચવા માટે ઠંડા પીણાં, છાસ અને લીંબુ પાણીનો સહારો લઈ રહ્યા છે. આરોગ્ય નિષ્ણાતોએ લોકોને બપોરના સમયે બહાર ન નીકળવા, પૂરતું પાણી પીવા અને સાવચેતી રાખવાની સલાહ આપી છે.

આગામી દિવસોમાં પણ તાપમાન ઊંચું રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે, જેના કારણે નવસારીવાસીઓમાં ચિંતા વધી રહી છે.

## ભર ગરમીમાં વીજ તંત્રની બેદરકારી, જનતા ત્રાહિમામ

**નવસારીના** હાંસાપોરમાં કલાકો સુધી વીજળી ડૂલ, અબ્રામામાં 'ડીમ પાવર'થી લોકો અકળાયા

**ઉનાળાની** કાળઝાળ ગરમીમાં સતત વીજ સમસ્યાએ લોકોના ધીરજની પણ હવે પરીક્ષા લેવાનું શરૂ કર્યું

નવસારીઃ નવસારી જિલ્લામાં ઉનાળાની વધતી ગરમી વચ્ચે ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠાની કથળતી સ્થિતિને લઈને લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. ખાસ કરીને હાંસાપોર (મંદિર ગામ) અને અબ્રામા વિસ્તારમાં વારંવાર વીજળી ખોરવાતા નાગરિકો ગરમીમાં પરેશાન બની ગયા છે. લોકોનો આક્ષેપ છે કે વીજ વિભાગના અધિકારીઓ અને કંટ્રોલ રૂમની બેદરકારી હવે સામાન્ય જનતા માટે મોટું દુઃખદાયક પ્રશ્ન બની ગઈ છે.

હાંસાપોર મંદિર વિસ્તારમાં મધરાત્રિએ અચાનક વીજ પુરવઠો ખોરવાઈ જતાં લોકો રાતભર ગરમીમાં સેકાયા હતા. સ્થાનિકોના જણાવ્યા મુજબ, કંટ્રોલ રૂમ દ્વારા 'ફીડર બેસી ગયું છે અને એક કલાકમાં વીજળી શરૂ થશે' તેવી માહિતી આપવામાં આવી હતી, પરંતુ ચાર કલાક સુધી પણ પાવર શરૂ ન થતાં લોકોમાં ભારે નારાજગી ફેલાઈ હતી.

વધુમાં, એરુ GEBના જવાબદાર અધિકારી ગુંજનભાઈને અનેક વખત ફોન કરવા છતાં તેમણે ફોન ઉપાડ્યો નહોતો અને બાદમાં મોબાઈલ સ્વીચ ઓફ કરી દીધો હોવાના આક્ષેપો થયા છે. દર મંગળવારે મેઈન્ટેનન્સના નામે વીજ કાપ લેવામાં આવે છતાં સમસ્યાઓ યથાવત રહેતા લોકો તંત્ર સામે આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે.

બીજી તરફ અબ્રામા ગામના પોસ્ટ ઓફિસ વિસ્તારના રહેવાસીઓ છેલ્લા આઠ દિવસથી 'ડીમ પાવર'ની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા છે. રાત્રિના સમયે વીજળીનો વોલ્ટેજ અત્યંત ઓછો થઈ જતાં પંખા, AC અને અન્ય ઉપકરણો યોગ્ય રીતે કામ કરતા નથી. અનેક ફરિયાદો છતાં કંટ્રોલ રૂમમાંથી માત્ર આશ્વાસન જ મળતું હોવાનો આક્ષેપ લોકો કરી રહ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે ફરિયાદ નોંધાવ્યા બાદ કર્મચારીઓ ફોન કાપી નાખે છે અથવા 'થોડીવારમાં માણસ મોકલીએ' કહીને જવાબદારીમાંથી છૂટી જાય છે.

ગ્રામજનોએ માંગ કરી છે કે ખોટી માહિતી આપી લોકોને ગેરમાર્ગે દોરતા કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને જવાબદાર અધિકારીઓને મેદાનમાં ઉતારી તાત્કાલિક કાયમી ઉકેલ લાવવામાં આવે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં સતત વીજ સમસ્યાએ લોકોના ધીરજની પણ હવે પરીક્ષા લેવાનું શરૂ કર્યું છે.

## ચૂંટણી પહેલાં ચમકાવેલો રસ્તો ગરમીથી ઓગળ્યો!

**ગ્રીડ-**કબીલપોર માર્ગ પર પીગળતા ડામરે મનપાની કામગીરી સામે ઉઠાવ્યો ભ્રષ્ટાચારનો સવાલ



નવસારીઃ નવસારી શહેરમાં ગ્રીડથી કબીલપોરને જોડતો તાજેતરમાં બનાવાયેલા મુખ્ય માર્ગ હવે લોકો માટે મુશ્કેલીનું કેન્દ્ર બની ગયો છે. ઉનાળાની શરૂઆત સાથે જ રસ્તા પરનો ડામર પીગળવા લાગતાં વાહનચાલકોમાં રોષ અને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. રસ્તા પર ચીકણું બનેલું ડામર વાહનોના ટાયર સાથે ચોંટી રહ્યું હોવાથી ટ્રાફિક ધીમો પડી રહ્યો છે, જ્યારે દ્વિચક્રી વાહનચાલકો સ્લિપ થવાના ડર વચ્ચે પસાર થવા મજબૂર બન્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, ચૂંટણી પૂર્વે ઉતાવળમાં માર્ગનું કામ પૂર્ણ કરવામાં આવ્યું હતું, પરંતુ પ્રથમ જ ગરમીમાં રસ્તાની ગુણવત્તાની પોલ ખુલી ગઈ છે. અનેક સ્થળોએ ડામર નરમ પડી જતાં વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. લોકોમાં ચર્ચા છે કે માર્ગ નિર્માણમાં હલકી ગુણવત્તાની સામગ્રીનો ઉપયોગ કરાયો હોવાથી રસ્તો સમય પહેલાં જ બિસમાર બન્યો છે. આ સમગ્ર મામલે મનપા તંત્ર સામે લોકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. નાગરિકોએ આક્ષેપ કર્યો છે કે માત્ર રાજકીય દેખાવ માટે ઝડપથી કામ પૂર્ણ કરાયું, પરંતુ ગુણવત્તા અને ટકાઉપણું સંપૂર્ણ અવગણાયું. લોકો હવે રસ્તાની ગુણવત્તાની સ્વતંત્ર તપાસ, જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી અને માર્ગનું નવેસરથી મજબૂત નિર્માણ કરવાની માંગ ઉઠાવી રહ્યા છે. સ્થાનિકોએ ચેતવણી આપી છે કે જો તાત્કાલિક કાર્યવાહી નહીં થાય તો આગામી દિવસોમાં આ માર્ગ ગંભીર અકસ્માતોનું કેન્દ્ર બની શકે છે. ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર પહોંચી હકીકત જાણી કડક પગલાં ભરે તેવી માંગ હવે વધુ ઉગ્ર બની રહી છે.

## ડાંગમાં કાળઝાળ ગરમી, વઘઇમાં પારો 41 ડિગ્રી

સાપુતારાઃ દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લામાં હાલ કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. તાપમાનના આંકડા મુજબ, ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા અને આસપાસના વિસ્તારોમાં સૂર્યનારાયણ આકરા પાણીએ જોવા મળી રહ્યા છે. જેમાં પ્રવેશદ્વાર વઘઇમાં સૌથી વધુ 41C તાપમાન નોંધાયું છે, જ્યારે આહવામાં 40C અને સુબિરમાં 39C તાપમાન સાથે લોકો અસહ્ય ગરમી અને બફારાથી તોબા પોકારી ઊઠ્યા છે. આ વિસ્તારોમાં આકાશ મુખ્યત્વે ચોખ્ખું અને સૂર્યપ્રકાશ સીધો હોવાને કારણે બપોરના સમયે રસ્તાઓ સૂમસામ જોવા મળે છે. બીજી તરફ, રાજ્યના એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારામાં પ્રવાસીઓને ગરમીથી થોડી રાહત મળી છે. ગિરિમથક સાપુતારામાં તાપમાન 36C નોંધાયું છે અને ત્યાં વાદળછાયું વાતાવરણ હોવાને કારણે અન્ય તાલુકાઓની સરખામણીએ વાતાવરણમાં થોડી ઠંડક અનુભવાઈ રહી છે. સાપુતારામાં તાપમાન ગગડતા ફરવા આવેલા પ્રવાસીઓનો આનંદ બેવડાયો હતો. જોકે, સમગ્ર જિલ્લામાં હવામાનની ગુણવત્તા 'સારી' શ્રેણીમાં હોવું એ રાહતના સમાચાર છે.

## કોરોનાકાળમાં અનાજનું કૌભાંડ કરનાર સામે 6 વર્ષે ગુનો દાખલ!

**જલાલપોરના** માછીવાડ દિવાદાંડી ગામમાં 2020માં ગરીબોના ઘઉં રૂ.10 કિલોએ વેચી નાંખ્યા હતા, કાનૂની લડત બાદ કોર્ટના આદેશથી પોલીસ એક્શનમાં

નવસારીઃ નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના માછીવાડ દિવાદાંડી ગામમાં કોરોનાકાળ દરમિયાન ગરીબોના હક્કનું સરકારી ઘઉં કાળાબજારમાં વેચી દેવાના ગંભીર કૌભાંડમાં આખરે 6 વર્ષ બાદ પોલીસ ફરિયાદ નોંધાતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. કોરોનાની મહામારીમાં જ્યારે ગરીબ પરિવારો બે ટાઈમના ભોજન માટે સંઘર્ષ કરી રહ્યા હતા, ત્યારે સરકારી રાશન જ કાળાબજારમાં વેચાઈ રહ્યું હતું અને તંત્ર વર્ષો સુધી આંખ આડા કાન કરતું રહ્યું હોવાના આક્ષેપો ઊઠી રહ્યા છે.

મળતી વિગતો મુજબ, માછીવાડ દિવાદાંડી ગામે વ્યાજબી ભાવની દુકાન ચલાવતા દલપતભાઈ પરભુભાઈ ટંડેલે વર્ષ 2020 દરમિયાન સરકાર દ્વારા રેશનકાર્ડ ધારકો માટે મોકલાયેલા અંદાજે 150 કિલો ઘઉં લાભાર્થીઓને આપવાના બદલે અન્ય વ્યક્તિ દિવ્યેશ રમણભાઈ ટંડેલને કિલો દીઠ રૂ.10ના ભાવે વેચી દીધા હતા. ગરીબોના પેટનું અનાજ માત્ર રૂ.1500 માટે સોદાબાજી થઈ ગયું હોવાનો આક્ષેપ છે. આ ગેરરીતિ સામે સ્થાનિક જાગૃત યુવાન મનીષકુમાર કપ્તાને વર્ષ 2020માં જ ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરી હતી. તપાસ દરમિયાન આક્ષેપો સાચા સાબિત થતાં જિલ્લા પુરવઠા વિભાગે સંબંધિત દુકાનદારનો પરવાનો કાયમી ધોરણે રદ કરી દીધો હતો. છતાં ફોજદારી ફરિયાદ નોંધવામાં આવી નહોતી. આખરે ફરિયાદીને કોર્ટનો દરવાજો ખટખટાવવો પડ્યો હતો. લાંબી કાનૂની લડત બાદ નામદાર કોર્ટે પોલીસને ફરિયાદ નોંધવાનો આદેશ આપતા નાયબ મામલતદાર અમૃતલાલ ગોહેલે મરોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-1955 તથા પી.ડી.એસ. કંટ્રોલ ઓર્ડર-2006 હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

આ સમગ્ર પ્રકરણમાં સૌથી મોટો સવાલ હવે તંત્રની ભૂમિકા સામે ઊભો થયો છે. જો વર્ષ 2020માં જ ગોટાળો સાબિત થઈ ગયો હતો, તો પછી પોલીસ ફરિયાદ નોંધવામાં 6 વર્ષ કેમ લાગ્યા? લોકોમાં ચર્ચા છે કે ગરીબોના અનાજનો ગોટાળો દબાવવા કોણ રસ ધરાવતું હતું? સ્થાનિકોમાં એવો પણ સવાલ ઊઠી રહ્યો છે કે, જો ફરિયાદી કોર્ટ સુધી લડત ન આપત તો શું આખો મામલો દફનાઈ ગયો હોત?

## વલસાડ તીથલ રોડ પર ઉભરાતી ચેમ્બર જોખમી

**અનેક** અકસ્માતોની ઘટના બાદ પણ તંત્ર આળસમાં

વલસાડઃ વલસાડના તીથલ રોડ પર ઉભરાતા ચેમ્બરના કારણે પાણી રસ્તા પર વહી રહ્યું છે. જેના કારણે લોકો પરેશાન થઈ ગયા છે. રસ્તાની વચ્ચોવચ બનેલી આ ઉભરાતી ચેમ્બર જોખમી પણ બની છે, પરંતુ આ સમસ્યાના નિવારણ માટે નગરપાલિકા સદંતર નિષ્ફળ નિવડી રહી છે. વલસાડમાં ડ્રેનેજ સિસ્ટમ સડી ગઈ છે. તેની સાથે પાલિકાનું ડ્રેનેજ વિભાગ પણ ખાડે ગયું છે. તેને પણ સુધારણાની જરૂરીયાત છે. વલસાડ તીથલ રોડ પર સરવાણી એપાર્ટમેન્ટ નજીક રસ્તાની વચ્ચોવચ એક ડ્રેનેજ ચેમ્બર ઉભરાવાની સમસ્યા લોકો માટે માથાનો દુખાવો બની છે. આ ચેમ્બરમાંથી ઉભરાતું ગંદુ પાણી આજુ બાજુના દુકાનદારો માટે રોગચાળો લઈ આવી રહ્યું છે. એટલું જ નહી, ઉભરાતા પાણીના કારણે ચેમ્બરની આજુ બાજુ પડી ગયેલા ખાડાના કારણે અહીં અનેક અકસ્માતો પણ થઈ રહ્યા છે. ગત સપ્તાહે જ અહીં એક વરિષ્ઠ નાગરિકનો અકસ્માત થયો હતો. જોકે સદનસીબે તેમનો જીવ બચી ગયો હતો.

## ગ્રીડ ઓવરબ્રિજ પાસે CNG કાર ભડભડ સળગી




નવસારી શહેરના નેશનલ હાઈવે-48 પર આવેલા ગ્રીડ ઓવરબ્રિજ નજીક આજે સાંજના સમયે અચાનક આગની ઘટનાએ હાઈવે પર દોડધામ અને ભયનો માહોલ સર્જી દીધો હતો. સર્વિસ રોડ પર પાર્ક કરેલી એક CNG ઈકો કારમાં અચાનક આગ ફાટી નીકળતા જોતજોતામાં આખું વાહન આગની જ્વાળાઓમાં હોમાઈ ગયું હતું. ઘટનાની જાણ થતાં જ નવસારી ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. કાર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે આગ લાગ્યાના સમયે કારમાં કોઈ વ્યક્તિ હાજર નહોતું, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી.

## સેલવાસની થર્મોકોલ ફેક્ટરી પાસે ટેમ્પોમાં આગ લાગતા દોડધામ

**ફાયરની** ટીમે આગને કાબૂમાં લેતાં મોટી દુર્ઘટના ટળી



વાપીઃ સેલવાસમાં 66 KV સબસ્ટેશન નજીક રિંગ રોડ પર થર્મોકોલ ફેક્ટરીની બહાર પાર્ક કરેલી પિકઅપ ટેમ્પોમાં અચાનક આગ લાગતા દોડધામ મચી હતી. માલ લોડ કરવા માટે એક પિકઅપ ટેમ્પો થર્મોકોલ ફેક્ટરીમાં પહોંચ્યો હતો. ફેક્ટરી પરિસરની નજીક એક ખુલ્લો ઇલેક્ટ્રિકલ કેબલ કપાયેલો પડ્યો હતો. વાહનનું ટાયર કેબલના સંપર્કમાં આવતાની સાથે જ તે ફસાઈ ગયું. ડ્રાઇવરે તેને આગળ વધવા માટે વાહન ચાલુ કર્યું, તે જ ક્ષણે ઘર્ષણથી શોર્ટ સર્કિટ થયો, જેના કારણે પિકઅપ ગાડીમાં અચાનક આગ ભડકી ઊઠી હતી. ઘટનાની જાણ પોલીસ અને ફાયર ફાઈટરોને થતાં સ્થળ પર દોડી આવ્યા હતા અને આગ પર કાબૂ મેળવતા સ્થાનિકોએ રાહતનો દમ લીધો હતો.

## ગણદેવીમાં વેગણિયા નદી ઉપર બનનારા ચેકડેમનું ખાતમુહૂર્ત

બીલીમોરાઃ ગણદેવીના ખેરગામ ગામે વહેતી વેગણિયા નદી (ખડી ખાડી) ઉપર શનિવારે કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલનાં હસ્તે ચેકડેમનું ખાતમુહૂર્ત કરાયું હતું. રૂ.૩૨ લાખના ખર્ચે ચેકડેમ ૫૦ મીટર લાંબો અને ૧.૫૦ મીટર ઊંચો હશે. ચેકડેમના સ્ટ્રક્ચર ગેટ બંધ રાખી વરસાદી પાણીનો સંગ્રહ કરી શકાશે. ચોમાસામાં વહી જતાં પાણીનો સંગ્રહ થવા સાથે ભૂગર્ભ જળસ્તર



કેરસી બારીયા

ઊંચા આવશે. આ પ્રસંગે શાંતિલાલ પટેલ, નિકુંજભાઈ પટેલ, પરીમલ પટેલ, શૈલેષ હળપતિ, ભીખુભાઈ પટેલ, તુષારભાઈ, નિરાલી નાયક, રેખાબેન, વિજય તિરંગા, મનોજ પટેલ, દિવ્યા પટેલ, ગણદેવી સુગર નાં અભિષેક પટેલ, રાજીવ ગુપ્તા તેમજ પરેશ કોળઘા, હેમંત ભંડારી ઉપસ્થિત રહ્યાં છે.



## નવસારી સ્ટેશન સામે જ ચાલતો હતો દેહવ્યાપાર

**જનતા** ગેસ્ટ હાઉસમાં અનૈતિક કારોબારનો પર્દાફાશ; માલિક-મેનેજર સહિત ચાર ઝડપાયા

નવસારીઃ નવસારી શહેરના રેલવે સ્ટેશન સામે આવેલ જનતા ગેસ્ટ હાઉસમાં ગેસ્ટ હાઉસની આડમાં ચાલી રહેલા દેહવ્યાપારના ધંધાનો મહિલા પોલીસ સ્ટેશનની ટીમે પર્દાફાશ કરતાં શહેરમાં ભારે ચકચાર મચી ગઈ છે. સ્ટેશન રોડ જેવા ધમધમતા વિસ્તારમાં ખુલ્લેઆમ ચાલતા આ ગેરકાયદે કારોબારે હવે અનેક સવાલો ઊભા કર્યા છે.

મળતી માહિતી મુજબ, સુરત રેન્જના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ અને નવસારી જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલના માર્ગદર્શન હેઠળ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી ચાલી રહી હતી. તે દરમિયાન મહિલા પોલીસ ઇન્સ્પેક્ટર વી.કે. ઉઝીયા અને તેમની ટીમને બાતમી મળી હતી કે જનતા ગેસ્ટ હાઉસમાં બહારથી મહિલાઓને બોલાવી દેહવ્યાપારનો ધંધો ચલાવવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે મહિલા પોલીસ અને જલાલપોર પોલીસની ટીમે સંયુક્ત દરોડો પાડતાં સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું. તપાસ દરમિયાન હોટલ માલિક સલીમ ગુલામ રસુલ શેખ અને મેનેજર ચંદ્રકાંત નગીનદાસ વોરા આર્થિક લાભ માટે દેહવ્યાપાર ચલાવતા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે સ્થળ પરથી બે ગ્રાહકો ચંદ્રકાંત બાબુભાઈ ટંડેલ (રહે. કૃષ્ણપુર ગામ) અને હેમંતકુમાર મોહનલાલ ટંડેલ (રહે., કૃષ્ણપુર ગામ) ને પણ ઝડપી પાડ્યા હતા. દરોડા દરમિયાન પોલીસે રૂ.1,26,560 ની રોકડ રકમ અને પાંચ મોબાઈલ ફોન કબજે કર્યા હતા.

## જળસંચયને સફળ બનાવવા 'રિચાર્જ વેલ' શ્રેષ્ઠ વિકલ્પ

**ચીખલી** પંથકમાં 800ની આસપાસ જળસંચયનાં કામો થયાં

**માત્ર** ૭ ગામના સરવેમાં મરામત માટે જરૂરી એવા ૩૧૦ કૂવા, આંકડો વધી શકે

ઘેજઃ ચીખલી તાલુકામાં કેન્દ્રીય જળશક્તિ મંત્રીના જળસંચય અભિયાન અંતર્ગત અધધ કામો થયા છે ત્યારે ગામેગામ જૂના કૂવાઓની મરામત કરી જળસંચયની કામગીરી કરવામાં આવે તો વધુ સારું પરિણામ મળી શકે તેમ છે.દિવસે દિવસે જમીનમાં પાણીના સ્તર નીચે જઈ રહ્યા છે અને તાલુકામાં પણ અનેક ગામોમાં ઉનાળાની શરૂઆત થતાંની સાથે જ આવી સ્થિતિ સર્જાતી હોય છે.

આ સ્થિતિમાં વરસાદનું પાણી નકામું ન વહી જાય અને વધુને વધુ જમીનમાં ઉતરે તે માટે ભારત સરકારના જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ દ્વારા લોકોમાં જળસંચય માટે જાગૃતિ લાવી આ માટે મોટાપાયે અભિયાન ઉપાડવામાં આવ્યું છે. જે હેઠળ પંથકમાં ૮૦૦ની



ધર્મેશ પટેલ

આસપાસ જળસંચયના કામો થયા છે, જેમાં હયાત બોરવેલની આજુબાજુમાં નિયત સાઈઝનો ખાડો કરી તેને પથ્થર, ગ્રાવલથી ભરી આ ખાડા દ્વારા પાણી બોરમાં ઉતરે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આમ જળસંચયની વ્યાપક કામગીરી વચ્ચે ગામેગામના હયાત કૂવાઓની મરામત કરી તેમાં પાણી ઉતારવાનુ આયોજન થાય તો જળસંચયમાં વધુ સફળતા મળવા સાથે લોકોને પણ પાણીની બાબતે રાહત થાય તેમ છે. તાલુકામાં ગામેગામ અનેક કૂવાઓ કે જે સમયાંતરે જાળવવી અને નિભાવણીના અભાવે પડતર બનવા પામ્યા છે ત્યારે આવા પડતર કૂવાઓને પણ જળસંચય માટે પ્રાધાન્ય આપવામાં આવે તે સમયની પણ માંગ જણાઈ રહી છે.

ચીખલી તાલુકામાં થોડા માસ પૂર્વે જળસંચયના એક પ્રોજેક્ટ માટે સાત ગામમાં સરવે કરવામાં આવ્યો હતો જેમાં કુલ ૩૧૦ જેટલા કૂવા માટે રજૂઆત આવી હતી અને આ તો પ્રાથમિક સરવે હતો પરંતુ વધુ ચોકસાઈથી સરવે થાય તો આ સંખ્યા વધી પણ શકે. જો કે આમાં પણ કૂવાઓની મરામત વિના જળસંચયની કામગીરી કરવામાં આવશે તો ઝાઝી સફળતા મળશે નહીં, માત્ર આંકડો મોટો દેખાશે. તાલુકાના ઘેજમાં ૩૩, મોગરાવાડીમાં ૬૩, વેલણપુરમાં ૧૭, ગોડથલમાં ૩૬, માંડવખડકમાં ૫૩, અગાસીમાં ૨૮ અને રૂમલામાં ૮૦ જેટલા હયાત ખુલ્લા કૂવાઓની મરામતની રજૂઆત આવી હતી.આ તો માત્ર સાત ગામની વાત છે પરંતુ સમગ્ર તાલુકામાં સરવે કરાવી કૂવાઓની મરામત કરી જળસંચયની કામગીરી કરી નવપલ્લિત કરવામાં આવે તો જળસંચયમાં વધુ સફળતા મળી શકે.